**સચિવાલય કક્ષાએ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ શરૂ કરવા બાબત.**

ગુજરાત સરકાર
ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રભાગ.
ક્રમાંક:ડીએસટી-૨૦૦૨-૩૯૮-આઈટીડી
સામાન્ય વહીવટ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
**તા: ૨૧-૦૬-૨૦૦૨.**

**વંચાણે લીધા:**

(૧) મંત્રીમંડળની બેઠકની કાર્યવાહી નોંધ, તા.૩૦-૧-૨૦૦૨
(૨) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્ર:ગસ/૨૦૦૨-૧૫/સકન/૨૦૦૨(૧)કેયુ, તા.૯.૪.૨૦૦૨
(૩) કૃષિ અને સહકાર વિભાગની ફાઈલ ક્ર:સકન-૨૦૦૨-(૧)-કેયુ
(૪) સા.વ.વિ., આઈ.ટી.પ્રભાગ, ઠ.ક્ર:આઈ.ટી.સી-૧૦૯૯-૭૩૭-આઈ.ટી., તા.૧૭.૫.૯૯
(૫) સા.વ.વિ.નો ઠ.ક્ર:મકમ-૧૦૯૭-૫૨૬૨-ખ, તા.૧૯-૨-૨૦૦૨

**<u>ઠરાવ:</u>**

આજના વૈજ્ઞાનિક યુગમાં બાયો ટેકનોલોજી અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના મહત્વને ધ્યાનમાં લેતાં તે માટે સચિવાલય કક્ષાએ અલગ વિભાગ કરવો કે બાયો ટેકનોલોજીને અન્ય કેટલાક વિષયો સાથે સાંકળી લઈ સાયન્સ અને ટેકનોલોજીનો અલગ વિભાગ કરવો તે બાબત છેલ્લા કેટલાય સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે સાયન્સ અને ટેકનોલોજી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયો ટેકનોલોજી (જેમાં ખાસ કરીને તે ક્ષેત્રમાં કાર્યકુશળતાનો વિકાસ) એ વિષયોનો સમન્વય થાય તેવો એક વિભાગ રચવાની તા.૩૦-૧-૨૦૦૨ ના રોજ મળેલી મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા વિચારણા થઈ હતી અને વિષદ ચર્ચા બાદ તેને મંજુરી આપવામાં આવી હતી અને તે પ્રમાણે સચિવાલય ખાતે વંચાણે લીધેલ તા.૯.૪.૨૦૦૨ના જાહેરનામાથી સાયન્સ અને ટેકનોલોજી વિભાગની રચના કરવામાં આવી છે.

(૨) સાયન્સ અને ટેકનોલોજી વિભાગ હેઠળ મુખ્યત્વે બે પ્રભાગ રહેશે. (૧) બાયો ટેકનોલોજી પ્રભાગ તથા (૨) સાયન્સ અને ટેકનોલોજી પ્રભાગ. આ નવા વિભાગની કામગીરી માટે સચિવાલય કક્ષાએ સાયન્સ અને ટેકનોલોજી વિભાગમાં બાયો ટેકનોલોજી પ્રભાગ માટે <u>પરિશિષ્ટ-અ</u> માં દર્શાવ્યા મુજબ નવું મહેકમ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. બાયોટેકનોલોજી પ્રભાગ હેઠળ મંજુર થતી જગ્યાઓમાં વૈજ્ઞાનિક અને તકનીકી સ્ટાફની નિયુકિત કેન્દ્ર/ રાજય સરકારના વિભાગ/સંસ્થાઓ/નિગમોમાંથી યોગ્ય લાયકાત ધરાવતી વ્યકિતઓને પ્રતિનિયુકિતથી અથવા માન્ય

યુનિવર્સીટીમાંથી પ્રતિનિયુકિતથી અથવા જરૂર જણાય તેવા કિસ્સાઓમાં કરાર પધ્ધતિથી કરવાની રહેશે. અન્ય જગ્યાઓ હાલની સચિવાલયમાં નિમણુંકો માટે ભરતીપ્રથા પ્રમાણે ભરવાની રહેશે.

સાયન્સ અને ટેકનોલોજી પ્રભાગ માટે **<u>પરિશિષ્ટ-બ</u>** માં દર્શાવ્યા મુજબનું મહેકમ મંજુર કરવામાં આવે છે અને હાલમાં સામાન્ય વહીવટ વિભાગના **વંચાણે લીધેલ ક્રમાંક-૫** તા.૧૯-૨-૨૦૦૨ના ઠરાવ અન્વયે અગ્ર સચિવશ્રી (આઈ.ટી.)ના સંલગ્ન મહેકમ પણ નવા સાયન્સ ટેકનોલોજી પ્રભાગ, સાયન્સ અને ટેકનોલોજી વિભાગમાં તબદીલ કરવામાં આવે છે. તદ્ઉપરાંત બજેટ, આયોજન, સ્થાનિક મહેકમ વગેરે માટે નવા વિભાગમાં **<u>પરિશિષ્ટ-ક</u>** માં જણાવ્યા મુજબ વધારાનું મહેકમ મંજુર કરવામાં આવે છે. સચિવાલય કેડરની તમામ જગ્યાઓ ચાલુ મહેકમમાંથી ભરવાની રહેશે અને તેને માટે નવી ભરતી કરી શકાશે નહિ. નવા વાહન ખરીદવાને બદલે વાહનવ્યવહાર વિભાગના પરામર્શમાં વાહનો પણ ડ્રાયવરો સાથે તબદીલ કરવાના રહેશે.

(૩) કમિશ્નર, ઈન્ફોર્મેશમ ટેકનોલોજીની સામાન્ય વહીવટ વિભાગના ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રભાગ હેઠળ જે જગ્યા વંચાણે લીધેલ ક્રમાંક-૪ના તા.૧૭-૫-૧૯૯૯ના ઠરાવથી અસ્તિત્વમાં છે તેને કમિશ્નર, સાયન્સ અને ટેકનોલોજી તરીકે નિયુકત કરવામાં આવે છે. આ સાયન્સ અને ટેકનોલોજીની જગ્યા ધારણ કરતાં અધિકારીએ હોદાની રૂએ નવા સાયન્સ અને ટેકનોલોજી વિભાગમાં બાયોટેકનોલોજી પ્રભાગના સચિવ તરીકે ફરજો બજાવવાની રહેશે. આ અધિકારી સચિવશ્રી (બાયોટેકનોલોજી)ને લગતી કામગીરી સ્વતંત્ર રીતે સરકારના સચિવ તરીકે હોદાની રૂએ સંભાળશે અને આ અધિકારીની જગ્યાનું નામ "કમિશ્નર ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને હોદાની રૂએ સચિવ, (બાયોટેકનોલોજી), સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ" રહેશે.

(૪) સાયન્સ અને ટેકનોલોજી વિભાગ માટે થનાર આવર્તક ખર્ચ રૂા. ૬૧.૦૬ અને અનાવર્તક ખર્ચ રૂા.૩૧.૦૦ લાખ મળીને કુલ રૂા. ૯૨.૦૬ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે જેની વિગત **<u>પરિશિષ્ટ-ડ</u>** મુજબ છે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના ઈન્ફોર્મેશન ટેકનોલોજી પ્રભાગ (કમિશ્નરેટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી સહિત) અને સાયન્સ સીટી તથા શિક્ષણ વિભાગ હસ્તકના ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીને (GUJCOST)સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં તબદીલ કરવામાં આવે છે. તથા તબદીલ થયેલ જગ્યાઓના મહેકમ તથા અન્ય આનુષાંગિક ખર્ચ માટે સંબંધિત વિભાગની હાલની નાણાંકીય જોગવાઇ નવા સાયન્સ અને ટેકનોલોજી વિભાગને તબદીલ કરવાની રહેશે. દરેક વિભાગે બાયો ટેકનોલોજી માટે પ્લાન અને નોન પ્લાનમાં કરેલ જોગવાઇઓ તેમજ આ હેતુસર પીએલએ માં જે રકમ હોય તે પણ નવા વિભાગને તબદીલ કરવાની રહેશે.

(૬) આ ઉપરાંત આ વિષયોને લગતી નવી યોજનાઓ અને પ્રોજેકટો માટે પ્લાન ફંડની જરૂરીયાત રહેશે જે માટે ટેકનીકલ કારણોસર નાણાંકીય જોગવાઇ નવા વિભાગને અન્ય વિભાગમાંથી તબદીલ કરવાનું શકય ન બને તે સંજોગોમાં નવા વિભાગે એટલે કે સાયન્સ અને ટેકનોલોજી વિભાગે રાજયની આકસ્મિક નિધિમાંથી જરૂરીયાત મુજબના નાણાં મેળવવાની દરખાસ્ત ખર્ચ અગ્રતા સમિતિ સમક્ષ મૂકી સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ કૃષિ અને સહકાર વિભાગની ફા.કઃસકન-૨૦૦૨-(૧)-કેયુ પર નાણાં વિભાગની તા.૨૮-૦૧-૨૦૦૨ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

વિકટર મેકવાન

**(વિકટર મેકવાન)**
ઉપસચિવ(આઈ.ટી.)
સામાન્ય વહીવટ વિભાગ.

**પ્રતિ,**

માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (આઈ.ટી.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આઈ.ટી., સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આઈ.ટી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીકસ લીમીટેડ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
સભ્ય સચિવશ્રી, સાયન્સ સીટી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, બહુમાળી મકાન, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.

# પરિશિષ્ટ-અ

## બાયોટેકનોલોજી પ્રભાગ માટે મંજુર થયેલ મહેકમ

| જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| સાયન્ટીફીક ઓફિસર વર્ગ-૧ | ૮ | ૧૨૦૦૦-૧૬૫૦૦ |
| નાયબ સચિવ | ૧ | ૧૨૦૦૦-૧૬૫૦૦ |
| કોમ્પ્યુટર એન્જીનીયર | ૧ | ૮૦૦૦-૧૪૦૫૦ |
| સેકશન ઓફિસર | ૧ | ૬૫૦૦-૮૦૦૦ |
| કોમ્પ્યુટર ટેકનીશીયન/કોમ્પ્યુટર આસીસ્ટન્ટ જુંનીયર પ્રોગ્રામર | ૧ | ૫૫૦૦-૯૦૦૦ |
| નાયબ સેકશન અધિકારી | ૨ | ૫૫૦૦-૯૦૦૦ |
| ડેટા એન્ટ્રી ઓપરેટર/કલાર્ક કમ ટાઈપીસ્ટ (અંગ્રેજી) | ૨ | ૪૫૦૦-૭૦૦૦ |
| ટાઈપીસ્ટ (ગુજરાતી) | ૧ | ૩૦૫૦-૪૫૯૦ |
| કારકુન | ૨ | ૩૦૫૦-૪૫૯૦ |
| ડ્રાઈવર | ૨ | ૩૦૫૦-૪૫૯૦ |
| પટાવાળા | ૩ | ૨૫૫૦-૩૨૦૦ |
| કુલ: | ૨૪ | |

# પરિશિષ્ટ-બ

## સાયન્સ ટેકનોલોજી પ્રભાગ માટે મંજુર થયેલ મહેકમ

| જગ્યાનું નામ | હાલ મંજૂર મહેકમ | તબદીલ થનાર મહેકમ | પગાર ધોરણ |
|---|---|---|---|
| અગ્ર સચિવ | ૧ | ૧ | ૨૨૪૦૦-૨૪૫૦૦ |
| ખાસ ફરજ પરના અધિકારી (વર્ગ-૧) | ૧ | ૧ | ૧૨૦૦૦-૧૬૫૦૦ |
| મેનેજમેન્ટ કન્સલટન્ટ | ૧ | ૧ | ૮૫૦૦-૧૪૫૦૦ |
| ઉપ સચિવ | ૧ | ૧ | ૮૫૦૦-૧૪૧૦૦ |
| સેકશન અધિકારી | ૧ | ૧ | ૬૫૦૦-૮૦૦૦ |
| કોમ્પ્યુટર ઈજનેર | ૨ | ૨ | ૮૦૦૦-૧૪૦૫૦ |
| કોમ્પ્યુટર ટેકનીશીયન/કોમ્પ્યુટર આસીસ્ટન્ટ /જુનીયર પ્રોગ્રામર | ૯ | ૭ | ૫૫૦૦-૯૦૦૦ |
| સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ | ૧ | ૧ | ૬૫૦૦-૮૦૦૦ |
| નાયબ સેકશન અધિકારી | ૧ | ૧ | ૫૫૦૦-૯૦૦૦ |
| ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ | ૧ | ૪૫૦૦-૭૦૦૦ |
| કારકુન | ૧ | ૧ | ૩૦૫૦-૪૫૯૦ |
| પટાવાળા | ૨ | ૨ | ૨૫૫૦-૩૨૦૦ |
| કુલ: | ૨૨ | ૨૦ | |

## પરિશિષ્ટ-ક

**સાયન્સ અને ટેકનોલોજી વિભાગ માટે વધારાનું મહેકમ**

| જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| નાયબ સચિવ | ૧ | ૧૨૦૦૦-૧૬૫૦૦ |
| નાયબ સેકશન અધિકારી | ૨ | ૫૫૦૦-૯૦૦૦ |
| કલાર્ક | ૧ | ૩૦૫૦-૪૫૯૦ |
| કુલ | ૪ | |

## પરિશિષ્ટ-ડ

**સાયન્સ અને ટેકનોલોજી વિભાગ માટે મંજુર કરવામાં આવેલ ખર્ચ**

| આવર્તક ખર્ચ (વાર્ષિક) | રૂપિયા (લાખમાં)રીમાર્કસ |
|---|---|
| પગાર | ૪૭.૦૬ |
| વાહનો | ૧.૦૦ |
| ઈલેકટ્રીક સીટી/ ટેલિફોન | ૫.૦૦ |
| સ્ટેશનરી | ૨.૦૦ |
| મુસાફરી/અન્ય ભથ્થા | ૩.૦૦ |
| ઓફિસ ખર્ચ | ૩.૦૦ |
| કુલ | ૬૧.૦૬ |

* (આમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રભાગ માટે ઉભી કરનાર ૪ વધારાની જગ્યાઓ માટેના પગાર પેટેના **રૂ.૬.૭૦ લાખના વાર્ષિક આવર્તક ખર્ચ**નો પણ સમાવેશ થઇ જાય છે.)

| અનાવર્તક ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| વાહનો | ૯.૦૦ |
| ફર્નીચર | ૧૦.૦૦ |
| કોમ્પ્યુટર/અન્ય સાધનો | ૧૨.૦૦ |
| કુલ | ૩૧.૦૦ |

**આવર્તક ખર્ચ રૂ.૬૧.૦૬ + અનાવર્તક ખર્ચ રૂ. ૩૧.૦૦ = કુલ રૂ. ૯૨.૦૬ લાખ**